
સ્પંદન
૨૦૧૮-૧૯
લોકસાહિત્ય
અને
સંસ્કૃતિ

## માર્ગદર્શક

ડૉ. સુધા વ્યાસ
પ્રા. પ્રીતિ દવે

## મુખપૃષ્ઠ

અને સુશોભન
શાહ મયુરી

# હસ્તલિખિત પુસ્તક સ્પંદન નાં કાર્યકરી/સાથી

## લેખન

શાહ મયુરી

## રસાસ્વાદ

ચોટલિયા સાગર

# પ્રસ્તાવના

ક. જે. સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયનાં સંસ્થાપક પદ્મભૂષણ પૂજનીય કરમશીભાઈ જે સોમૈયા અને ડૉ.શ્રી. શાંતિલાલ સોમૈયાના આશીર્વાદથી તેમ જ શ્રી સમીર ભાઈ સોમૈયા, શ્રીમતી લીલાબેન કોરડ તથા સમસ્ત સોમૈયા પરિવારના સતત માર્ગદર્શન અને પ્રોત્સાહનથી સાહિત્ય, શિક્ષણની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર ઉન્નતીના પંથે આગળ વધતી રહી છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત સાહિત્ય કળાને વેગ આપવાનું કાર્ય છેલ્લા ૨૪ વર્ષથી હાથ ધર્યું છે. આ કાર્ય એટલે હસ્તલિખિત સામાયિક 'સ્પંદન' નું પ્રકાશન. આ વર્ષે ગુજરાતી સાહિત્ય મંડળના તૃતિયમ વર્ષ કલાવિભાગના અભ્યાસક્રમમાં 'લોકસાહિત્યનો' સમાવેશ થયો હોવાથી વિદ્યાર્થીઓએ આ વિષયનો ઊંડાણમાં અભ્યાસ કરી "લોકસાહિત્ય અને સંસ્કૃતિ" વિશે. હસ્તલિખિત સામાયિક રજૂ કરવાનો ઉદ્દેશ્ય છે.

કાર્ય ભલે એક જ હોય પણ દરેક જણના સાથ-સહકાર વિના તે પૂર્ણ થતું નથી. આ કાર્ય પણ વિદ્યાર્થીઓનાં સાથ દ્વારા જ શક્ય બન્યું છે.

ડૉ. સુધા વ્યાસ
આચાર્ય
ગુજરાતી વિભાગ અધ્યક્ષ.

FOR EDUCATIONAL USE
Sundaram

# અનુક્રમણિકા

## લોકસાહિત્ય અને સંસ્કૃતિ


→ લોકસાહિત્યની વ્યાખ્યા અને સ્વરૂપ

→ લોકસાહિત્યના અર્વાચીન સાધક ઝવેરચંદ મેઘાણી

→ મેઘાણીભાઈનું વિચારદર્શન :

→ લક્ષણો

→ લોકસાહિત્ય સિદ્ધાંત સંપાદન અને સમીક્ષા ક્ષેત્રે ગુજરાતનું પ્રદાન

→ પ્રેમહારી લોકગીતો : નારીહૃદયનું કરુણ રૂપ

→ લોકગીતો નારી મનોભાવોની રૂપાત્મક અભિવ્યક્તિ

→ સમાપન

# લોકસાહિત્ય ની વ્યાખ્યા અને સ્વરૂપ

લોકસાહિત્ય એટલે જેને કોઈની કૃતિ ના કહેવાય, જે શ્રુતિમાં હોય અને જેનો લોકમાનસની પ્રકૃતિમાં સમાવેશ થતો હોય તે. જેમાં તમામ બોલીઓ અને એવી ભાષાઓનો સમાવેશ થાય છે જેમાં લોકનું અધિતત્ત્વ રહેલું હોય તે.

કોઈનું કૃતિત્વ હોય પણ જેમાં લોકમાનસનું સામાન્ય તત્વ રહેલું હોય. કોઈના વ્યક્તિત્વ સાથે જોડાયેલું હોય તો પણ લોકો જેનો પોતાના વ્યક્તિત્વ તરીકે સ્વીકાર કરે અને જેમાંથી અવ્યક્તિતત્વના વ્યક્તિત્વનો વિકાસ થાય તે લોકસાહિત્ય.

(2) આ રીતે જોતાં લોકસાહિત્યનું ક્ષેત્ર બહુ વિશાળ થઈ જાય છે. શિષ્ટ સાહિત્ય તો આજ સુધી ઘણુંખરું લિપિબદ્ધ થઈ ગયેલ છે પણ વિશાળ વિશ્વ અને તેના 'લોક'ની પરંપરાઓ જોતાં એ અલિખિત સાહિત્યની સરખામણીમાં શિષ્ટસાહિત્ય અલ્પ કહી શકાય એવું છે. ત્યારે કંઠસ્થ સાહિત્ય ગ્રંથસ્થ નથી થયું માટે અલ્પ લાગે છે. શિષ્ટ-સાહિત્યનું ફલક ઘણું નાનું છે, ત્યારે લોકસાહિત્યનું ક્ષેત્ર અસીમ છે.

(1) લોકસાહિત્યના અભ્યાસ પરથી વિશ્વનો લગભગ સર્વસામાન્ય મત ઘડાયો કે: લોકો થકી, લોકો વચ્ચે રહીને [Of the people, by the people, for the people] જે રચાયું તે લોકસાહિત્ય."

પાશ્ચાત્ય વિદ્વાનોના મત પ્રમાણે પ્રાથમિક અવસ્થામાં જીવતી જાતિઓનું જ્ઞાન તે લોકસાહિત્ય. ભારતમાં 'લોક' ને એની સંસ્કૃતિ ને સાહિત્યની વ્યાખ્યા પ્રાથમિક અવસ્થામાં જીવતા આદિવાસીઓ પૂરતી મર્યાદિત નથી. ભારતીય 'લોક' આદિવાસીથી શરૂ થઈને શિષ્ટ સમાજની સીમા સુધી આંબે છે.

લોકોનું, લોકો વડે, લોકો માટે જે સાહિત્ય સર્જાય તે લોકભાવનું જ પ્રતિબિંબ પાડે. કોઈ પણ વ્યક્તિ દ્વારા મૂળ સર્જન થયું હોય તો પણ લોકો તેને પોતાના વ્યક્તિત્વ તરીકે સ્વીકારે ત્યારે એ રચનામાંથી વ્યક્તિનું વ્યક્તિત્વ ઓગળતું જાય ને સમૂહ સર્જનનું સ્વરૂપ પકડે ત્યારે જ તે લોકોનું બને છે. એનો અર્થ એ કે તે લોકભાવ, લોકવિચાર ને લોકસંવેદનનું સ્વરૂપ પામે છે. આથી એમાં સમગ્ર લોકજીવનનું પ્રતિબિંબ પડે છે. વ્યક્તિપ્રતિભાનો જેમાં સર્વથા અભાવ હોય તે જ લોકસાહિત્ય બની શકે. વ્યક્તિ કે વ્યક્તિઓ અંગે પ્રયોજેલું લાગે, પણ એનું સંવેદન સમગ્ર સમાજનું પ્રતિબિંબ પાડે છે.

FOR EDUCATIONAL USE
Sundaram

# લોકસાહિત્યના સર્વાંગી સાધક ઝવેરચંદ મેઘાણી

લોકકથા અને લોકગીતો એ નામનો સૌથી પહેલો પ્રયોગ ગુજરાતી સાહિત્ય પરિષદમાં કર્યો સ્વ. રણજિતરામ વાવાભાઈએ, ૧૯૦૫ માં. મેઘાણીએ તમામ અવરોધો સામે ઝૂઝતાં ઝૂઝતાં લોકસાહિત્યનો યુગ પ્રવર્તાવ્યો. લોકસાહિત્યનો એ યુગપ્રવર્તક બન્યો. મેઘાણીએ લોકસાહિત્યની સર્વાંગી સાધના દ્વારા એમાં રહેલા રસોલ્લાસ અને અપૂર્વ સુંદરતાનો આમજનતાથી માંડીને શિષ્ટ સમાજ સુધીના સૌને અભિમત પરિચય આપ્યો.

મેઘાણી લોકસાહિત્યના પુરસ્કર્તા બની શક્યા, ઘણા કારણ કે એમની સર્જકપ્રતિભાના મૂળ લોકધરતીમાંથી ધારણ પોષણ મેળવતાં હતાં. લોકસાહિત્યની સ્ફુરણા અને સંશોધન એમના માટે નૈસર્ગિક હતાં. કોઈ શોખનો વિષય કે આવી પડેલી કે સ્વીકારેલી શૈક્ષણિક કે સાહિત્યિક ફરજના વ્યાપાર વ્યવહાર રૂપે નહિ, તેમ વ્યવસાયરૂપે પણ નહિ.

એમના સજીવન સાહિત્ય પ્રેમઝરણને આરે લોકસાહિત્યના સૌ પહેલા મર્મર ધ્વનિ સંભળાવનાર સ્વ. દરબાર વાજસુરવાળા હતા. મુંબઈના કોઈ સાક્ષરનાં મેણાંપેણાંએ પણ મેઘાણીની સંશોધનવૃત્તિને સળવળાવી મૂકેલી કે સૌરાષ્ટ્ર-ગુજરાતની ભૂમિમાં કવિઓને પ્રેરણા સ્ફુરે એવું તેવું કશું નથી, માટે કાશ્મીરના ઘોડા કરે છે.

મેઘાણીને આ મેણું ભારે આકરું લાગેલું. એથી એમના તી અભિલાષ થયેલા સૌરાષ્ટ્રની ચૂરી નહિ તો બને તેટલી

FOR EDUCATIONAL USE

ચિહ્ન આપવાના. મેઘાણીભાઈ કહેતા કે સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે એના કરતાં અનેકગણો તો દટાયેલો પડ્યો છે.

લોકસાહિત્યનાં નવલાં સર્જનરૂપે એમણે સંશોધનનો જે પ્રવાહ વહેવડાવ્યો તેમાં પણ જીવન અગ્રપદે હતું. એમાં રહેલા સાહિત્યને તો મેઘાણીભાઈ જીવન પ્રસંગોને વળગેલા પોપડારૂપ માનતા.

એમણે પોતાના સુદીર્ઘ પ્રવેશકોમાં જે વિવેચના કરી છે તે સાહિત્યદૃષ્ટિએ નહિ, પણ જીવનની મૂલ્યાંકન દૃષ્ટિએ. મેઘાણીભાઈએ પોતે જ લખ્યું છે કે:

" અમારી આદિ પ્રેરણા તો અમારી ભૂમિ પ્રત્યેની આત્મીયતા હતી. ધરતીનો નેહ અમને ધરતીની માટી તરફ- એ માટીની સુગંધ તરફ લઈ ગયો.

* " પુરાતત્વ કે વિવેચનનો રસ તો પાછળથી પેદા થયો. અમે એને કોઈ મરી ચૂકેલી પ્રજાના સંવેદનોના ઇતિહાસનું અન્વેષણ કરવાના હેતુથી નહિ, પણ અમારી જીવતી, પ્રાણધબકતી મતિઓના સંસ્કારોચ્ચારણ અને સંવેદનયુક્ત ઊર્મિ-ઉચ્ચારણ ગણીને શરૂઆત કરેલી" *

લોકધરતીમાં જ એમનો ઉછેર થયો. શૈશવકાળની એમની અતૃપ્ત એવી લાગણીઓને પ્રકૃતિનાં પયપાન અને લાલન-પાલન મળેલાં.

કરુણ રસિકતા તો એમનો બીજનો વારસો હતો. ધરતીની વેદનાના ચિત્કાર ઊર્મિશીલ એવા એમના હૈયે ઝીલતાં જે સંવેદનો જાગ્યાં એમાંથી એમના સાહિત્યનું સર્જન થયું.

ભૂલા પડેલા બાળકને અચાનક મા મળી જાય અને બાળવિછોણી રઘવાઈ માતાને આકસ્મિક બાળક મળી જાય એમ મેઘાણીને લોકધરતી મળી અને ધરતીને મેઘાણી જેવો બાળક મળતાં ધરતી તૃપ્તમાન થઈ ઊઠી ને અનરાધારે વરસી.

ભગરણ અને પગરણ તો એમની સાથે શૈશવકાળથી જડાયેલાં.

સંશોધન એમના લોકસાહિત્યના ભવનનાં મંઝિલના વિસામા હતા. સૌંદર્ય એમને સાદ દેતું ને ભુવન ભરી ઊઠતું. એટલે જ તો ચારણીસાહિત્યના અગમ્ય ઘરામાં ઘુમરાવતાં સંશોધક રહ્યા છતાં પોતે સર્જક અને પરિવાહક બની રહ્યા.

લોકસાહિત્યને મહાલાવનારાં બળોની શોધ કરતાં-કરતાં લોકસાહિત્યના એમની - પ્રતિભાનું મહાલાવસ્થાન બની રહ્યું.

મેઘાણીભાઈનું દર્શન એકાંગી ન હતું. એ તો સંસ્કૃતિની સંશોધકવાટે સારભૂત તત્વોને સંઘરવાનું કહેતા રહેલા. છતાં કંઠ, કાવ્ય અને કહેણી ઉપર નભનારાઓની રોટીનો મહાવ તેઓ પૂરેપૂરી સમજતા હતા. એટલે જ કહેલું કે : " કુકડો ચીરલાને ખાતર પોતાની રત્ન જેવી કવિતાને ચાહે તેવા નાલાયક માણસ પર ઢોળવા જતા બુદ્ધિશાળી ચારણ-બારોટેને આત્મગૌરવ અને સત્યપરાયણતાની રોટી પૂરી પાડવી જોઈએ.

પણ દુઃખની વાત એ છે કે આજનો સમાજ આ રોટીને બદલે લોકસાહિત્યના કેંક કલાકારોને શ્રીમંતાઈની શિખરે બેસાડ્યા છતાં દિલાવર સંસ્કૃતિને બદલે અસંસ્કૃત પોપડામાંથી તેઓ પરવાર્યા જ નથી. બલ્કે એ અસંસ્કૃત પોપડાને પોતાની શ્રીમંતાઈનું સાધન માનતા રહ્યા છે. એટલે રોટીના અભાવનું કારણ આજે નહીંવત્ બન્યું છે. અને કવિતા - રત્નો ના - લાયક માથે ઢોળાતાં રહ્યાં છે.


Sundaram

# મેઘાણીભાઈનું વિચારદર્શન :

એટલા માટે ખડગ ખાંડાને ખાંડી નાખી ખેતીના સંચા બનાવી, તોપગોળા ગાળીને શંકનાં રળવાનાં રોટીના સાધન બનાવો, રાજરજવાડાની રણગાડીઓ ભાંગીભાંગીને બાળકોને ઉછેરવાનાં, રમવાનાં સાધન બનાવો.

આ હતું મેઘાણીભાઈનું દર્શન, મેઘાણીભાઈની વૈચારિક ભૂમિકા. એનો વિચ્છેદ કરીને લોકસાહિત્યે આવકે રસ્તે લઈ જનાર સંસ્કૃતિની, નવાં મૂલ્યોની, નવી રચનાની, સામાન્ય માનવીની આશાઓની કબર ખોદી રહ્યા છે. જડો રાજશાહી સામે છેલ્લાં ૫૦ વર્ષથી જે સંગ્રામો ખેડાયા છે તે નિરર્થક જ ખેડાયા.

લોકસાહિત્યનું ઐતિહાસિક કે સામાજિક સંશોધન કરવાનું હોય, એનાં બળાબળોની વૈજ્ઞાનિક તુલના કરવાની હોય, એની ઉપકારકતા તારવવાની હોય ત્યાં કોઈ પ્રશ્ન ઊઠતો નથી. પણ લોકસાહિત્યને જૂના જમાનાની પ્રતિષ્ઠા માટે અને નવાનાં અવરોધરૂપે વાપરવાનું હોય ત્યાં પ્રશ્ન ઊઠે છે. દુઃખ એ વાતનું છે કે આગળના વખતમાં ડેલી-ડાયરા ને દરબાર કચેરીમાં જે સુગાસ કરાવતું સાહિત્ય રજૂ થતું તેને આજે લોક સાહિત્યમાં ખપાવીને લોકસાહિત્ય અંગે ભ્રામક માયાજાળ ઊભી કરી દેવામાં આવી છે. એ સુગાસ મહે-થી લોકસાહિત્યનો મોહ ઉતારી નાખવામાં આવે તો પછી કોઈ પ્રશ્ન રહેતો નથી.

બીજા વિશ્વયુદ્ધમાં જપાને ચીન સાથે લડાઈ કરેલી ત્યારે જપાનીઝ સૈનિકોને એમ કહીને ચીનાઓની કતલ



Sundaram

કરવા ઉશ્કેરવામાં આવતા કે 'મા માગે છે માટે મારો'.
જેમ માતાજીને ઘેટાં-બોકડા ધરતી વખતે કહેવામાં આવે છે.
તેમ. ત્યારે મેઘાણીએ કહ્યું કે 'મારવા હોય તો મારો, પણ
'મા માગે છે', એવી બડાઈકીથી મારો છો તે અસહ્ય
બને છે'

— છો સંહારે બડધા આજે પેટને કારણ,
એક જ વાત સે'વાય છે ના —
એને મોતને પંથ ચડાવણ ગુલ,
બોલે છે: 'મારો, મારો, માગે છે મા.!' —

એમ મધ્યયુગનાં અને કાળનો ભક્ષ બની ગયેલાં
મૂલ્યોની માવજત કરવી હોય તો ભલે કરો. પણ એને એમ
કહીને પીરસાવવાનું રહેવા દો કે 'આ લોકસાહિત્ય છે'.
આજે એ જ વાત અસહ્ય બની રહી છે.

મેઘાણીભાઈના શબ્દોમાં સમાપન કરતાં કહીએ કે:
" લોકસાહિત્યનું સર્વોચ્ચ સામર્થ્ય તો એની શ્રાવ્યતા છે.
વાણી એ મુખ્યત્વે શ્રુતિના વિષય છે. નાદને આપણે
બ્રહ્મ કહીએ છીએ. લોકસાહિત્યની વાહક એ નાદ છે. કાગળ
પર ચીતરેલા ચાઠાંબોળ અક્ષરો નહીં."

FOR EDUCATIONAL USE
ndaram

# લક્ષણો

→ લોકસાહિત્યનું પ્રથમ લક્ષણ તો એ કે તે કોલાબરેટિવ અને કોમ્બિનેટિવ આર્ટ છે. સમૂહજન્ય, સમૂહભોગ્ય કલાસ્વરૂપ છે. ગાન, વાદ્ય, નૃત્ય, અભિનય એમ કેટલી બધી વિવિધ પ્રકારની કળાઓનું સંગમતીર્થ લોકસાહિત્ય છે. અમસ્તી વાર્તા વખતે એના કથકના હાવભાવ, ટોનસવેરિએશન, દેશી સિતારના સૂર, હોંકારા-પડકારા, દુહા, કવિતા કેટલી બધી પારવધાઈનો ખપ રહે છે! તે અંગે તો લોકસાહિત્યને વાંચનાર નહીં પણ જોનાર-સાંભળનાર જ વિચારી શકે. શ્રોતામાં પણ એક-બે નહીં સમૂહ જોઈએ તો જ કલાકાર ખીલે-ખૂલે.

→ લોકસાહિત્યનું બીજું લક્ષણ એ ફ્લોટિંગ આર્ટ છે. તરતું-વહેતું કળાસ્વરૂપ છે એના રિહર્સલ, ધોરણો કરવાં કહેવાં ન પડે. એ તરતું રહે. તાલ સાથે ઠેકા અમુક પ્રકારના જ આવે! સ-મૂહનાની સહજ રીતે આસાનીથી તમે ગામડામાં ક્યાંય લોકસાહિત્યના રિહર્સલ, ટેક્સને ગોખવાના, યાદ રાખવાની કડાકૂટમાં વ્રત લોકોને નહીં જુઓ. જીવનનો એક ભાગ કે અંગરૂપ બની રહેલું સાહિત્ય તે લોકસાહિત્ય. એનું પ્રશિક્ષણ આપવાનું ન હોય. તરતું રહે. એ આ અર્થમાં. લોકકંઠે તરતું હોય તે (કાગળે છાપેલું રાખવાની જરૂરી નહીં) લોક-સાહિત્ય તરીકેનું આગવું લક્ષણ મને જણાયું છે.

→ લોકસાહિત્ય એટલે નર્યું માત્ર સાહિત્ય નથી પણ લોકમાન્યતાઓ, વલણો, વ્યવહારો, માનસ અને લોકસંસ્કૃતિને સમાવતું એક અંગ છે. એ સાહિત્યની માફક સ્વાયત્ત કે સાવ સ્વતંત્ર નથી. આનંદ, મનોરંજન તો આડપેદાશરૂપ, મૂળ આશય તો સાંસ્કૃતિક પરિવેશ, પર્યાવરણને, વિધિ-વિધાનને સાંકળવાનો. આમ આ બધાંને સમાવતું સાહિત્ય તે લોકસાહિત્ય.

એમાં તાળ, લય, મુખના હાવભાવ, એમ આંગિક, વાચિક અને સાત્વિક અભિનય ભળેલા છે. એટલે કે એ માત્ર લિટરરી ટેક્સ્ટ નથી પ્રસ્તુતિ માટેની ટેક્સ્ટ છે માત્ર સાંભળવાની નથી જોવાની-માણવાની રચના છે. મણિયારો રાસ, સોળંગો રાસ જોવાથી કે દુહા સાજસાથે પ્રસ્તુત થતા જોવાથી જ આખી વાતનો ખ્યાલ આવે. વળી આ લોકસાહિત્ય કોઈ ન કોઈ તહેવારો-ઉત્સવો સાથે સંકળાયેલ હોય છે. લોકસાહિત્યનાં લક્ષણો તારવવામાં - લોકસાહિત્યની તપાસમાં આ લક્ષણની અભિજ્ઞતા ખરા અભ્યાસ માટે ખપમાં લાગતી હોય છે.

→ લોકસાહિત્યની સીમારેખા આપણે ત્યાં ઘણી અસ્પષ્ટ અને ધૂંધળી છે. એનું કડક પરીક્ષણ કોઈએ કરવા જેવું છે. લોકસાહિત્યની સીમારેખામાં ભજનોને પણ ભેળવી દેવાયાં છે. પારસી સાહિત્ય અને બારોટનું સાહિત્ય પણ એમાં ભળી ગયું છે.

ધંધાદારી વારકો-કથકો સાહિત્ય જે રચતા અને રજૂ કરતા તે પણ લોકસાહિત્યની પરંપરાનું જ સાહિત્ય છે. પણ એવી એને લોકસાહિત્ય ન ગણાવાય. એ પરંપરા નર્મદ-દલપતે પણ અળવેલી. પરંતુ એમાં જે ખોટ પડતું હતું એ મેઘાણીએ 'લોકસાહિત્યનું સમાલોચન' માં ચીંધી બતાવીને એને લોકપરંપરાવાળી અર્વાચીન રચનાઓ તરીકે ઓળખાવી. આમ અર્વાચીન રચનાઓ લોકસાહિત્યની

FOR EDUCATIONAL USE

Sundaram

સીમારેખામાં પ્રવેશતી અટકી ગઈ. આથી, ચારણ અને રાવળ દ્વારા રચાયેલું અને રજૂ થતું સાહિત્ય લોકસાહિત્યની સીમા-રેખામાં આ રીતે ન પ્રવેશી શક્યું.

જેમ્સ ફોર્બસ, કિનલોક ફાર્બસ, પુતળીબાઈ, ફરામજી બેહમનજી માસ્તર, જુવરાજ અજરામર ગૌર, રણજિતરામ વાવાભાઈ, ગિજુભાઈ બધેકા વગેરેનું સંપાદિત સાહિત્ય આવું લોકસાહિત્ય છે.

→ રેવાબહેન અને શંકરભાઈ તડવી તથા શાંતિભાઈ આચાર્યે આવું - નર્યું લોકસાહિત્ય સંપાદિત કરીને મૂક્યું છે. ભગવાનદાસ પટેલે જે આદિવાસી લોકસાહિત્ય પ્રકાશિત કર્યું એમાં કેટલુંક તો ભક્તિસાહિત્ય અને વિધિવિધાનોનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય પણ ભળી ગયેલું છે. અમૃતદાસ પટેલના ઉત્તર ગુજરાતના લોકગીતોનાં સંપાદનો જીવતાં પરંપરા નાં ઉદાહરણ તરીકે ખૂબ જ મહત્ત્વનાં છે. જયંતીલાલ દવેના સંગ્રહો પણ 'રિટોલ્ડ' પ્રકારના છે. પુષ્કર ચંદરવાકરના 'નવો-ઢલકી', 'ચંદર ઊગે ચાલવું' અને 'વાગી વડી વાંસળી રે', જેવાં સંપાદનોમાં ઘણાં બધાં શુદ્ધ લોકગીતો છે. તો સાથે-સાથે અર્વાચીન પ્રસંગની કવિતાઓ પણ સમાવેશ પામીને લોકસાહિત્યની સીમારેખામાં પ્રવેશી ગઈ છે.

→ કોઈ કૃતિના કર્તા અજ્ઞાત હોય, કૃતિમાં નામછાપ ન હોય એ કારણે એટલી અજ્ઞાત કર્તાની રચના લોકસાહિત્યની સીમારેખામાં પ્રવેશપાત્ર બનતી નથી. પુષ્કર ચંદરવાકરે '<u>વસંતવિલાસ</u>' ને લોકસાહિત્યની કૃતિ ગણાવીને લોક-સાહિત્યની સીમારેખામાં સમાવિષ્ટ કરી છે તે સાચી નથી.

→ કોઈ પ્રસંગને આધારે લોકશૈલીમાં રચનાનું સર્જન કરીને એને લોકવાર્તા તરીકે ગણાવવામાં - ઓળખાવવાના

FOR EDUCATIONAL USE

Sundaram

પ્રયત્નો ખૂબ થયા હતા. કવિઓ તો કથક પાસેથી સાંભળેલી કથા એના એ જ લહેકાઓ સાથે લિપિબદ્ધ કરીને મૂકવાની હોય. પોતાની રીતે પુનઃકથન-રચનાકળા દ્વારા વાર્તાનું નિર્માણ કરવું એ લોકશૈલીની રચનાકળાયુક્ત કૃતિ પણ ગણાય. એને પણ મારી દૃષ્ટિએ લોકસાહિત્યની સીમારેખામાં પ્રવેશ ન આપવો જોઈએ.

- → લોકસાહિત્યમાળાના મણકામાં પણ ઘણી ભેળસેળ છે મધ્યકાલીન સાહિત્યનું ઘણું બધું પદસાહિત્ય, અને કંઠસ્થ પરંપરાનું કીર્તનસાહિત્ય એમાં ભળી ગયું છે. ગોહિલવાડના ગેમલજીનાં પદો લોકગીતોરૂપે પ્રકાશિત થયાં તે એનું સૌથી જાણીતું ઉદાહરણ છે. લોકસાહિત્યની સીમારેખામાં લોકો દ્વારા કંઠસ્થપરંપરામાં ભળવાનું હોય અને રૂઢ થયું હોય એ બધું સાહિત્ય-લોકસાહિત્ય એવી એક સરળ સમજણ વ્યાપક રૂપે પ્રચાર પામી એને પરિણામે લોકસાહિત્યનું સીમાંકન ન થયું અને વિશેષતઃ સીમોલ્લંઘન થયું.

- → માહિતીદાતા ની વરણી પસંદ કરવામાં આવે તો લોકસાહિત્યની સીમારેખાના પ્રશ્નો બહુ ઉપસ્થિત ન થાય. મારા એક વિદ્યાર્થીને તાજેતરમાં ઘેડિયા કોળીનાં ગીતો એકત્ર કરવા ક્ષેત્રીય કાર્ય માટે મોકલેલ. એની પાસેની સામગ્રીમાં ઘણું બધું અર્વાચીન અને ઇતર જ્ઞાતિનું જોવા મળેલું. પછી કેટલાક વૃદ્ધ માહિતીદાતા પાસે સામગ્રી ચકાસાવી તો તેમણે કહ્યું કે 'ઓલા ગણપતિવાળા ગીત જ અમારાં, બાકીનાં નહિ.' યુવાન માહિતીદાતાના સંપર્કો કેવી ભેળસેળવાળી કે અર્વાચીન સામગ્રી સંશોધકને આપી દેતા હોય છે તેનું આ તો માત્ર એક ઉદાહરણ. આ રીતે લોકસાહિત્યની સીમારેખામાં સૌથી મહત્ત્વની બાબત શુદ્ધ, નર્યું લોકસાહિત્ય પ્રવેશે એ માટે માહિતીદાતાની પસંદગીની છે. ખરા લોક પ્રતિનિધિને,

FOR EDUCATIONAL USE

undaram

વર્ગોને, ગામડેરાને આશ્રિતદાતા તરીકે પસંદ કરીને પરંપરાગત રૂપ મેળવવું અને એને લોકસાહિત્યમાં પ્રવેશ કરાવવાનો હોય.

→ લોકસાહિત્યની સીમારેખાને આ ઉપરાંત બીજી પણ એક-બે બાબતો સ્પર્શે છે તેમાં એક તો કંઠસ્થ પરંપરાનાં ભજનો (સંતસાહિત્ય) અને લોકસાહિત્ય વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા છે એની પ્રકૃતિ જ નોખી છે, એનું પ્રયોજન પણ લોકસાહિત્ય કરતાં જુદું છે. આવા કારણે એને લોકસાહિત્યની સાથે ગણવી ઉચિત નથી. ભારતની અન્ય ભાષાઓમાં પણ લોક-સાહિત્યની સાથે સંતસાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

બન્ને વચ્ચે કેટલુંક સામ્ય હોવાને કારણે એનેય લોક-સાહિત્ય સાથે સમાવી લેવાનું વલણ અસ્તિત્વમાં આવ્યું લાગે છે. બન્ને કંઠસ્થ પરંપરામાં જળવાતા હોય છે. લોક-ધર્મ સાથે સંતસાહિત્યને વિશેષ અનુબંધ હોવાને કારણે લોકસાહિત્યની ચરમકોટિરૂપ કે 'અંતિમ પરિપાકરૂપ' સ્વરૂપ તરીકે ભજનને ઓળખાવવામાં આવ્યું હશે. હકીકતે તો મધ્યકાલીન સાહિત્ય સાથે પણ લોકસાહિત્ય જેટલો જ એને જેવો સંબંધ સંતસાહિત્યને છે. એટલે આ ત્રણેય વચ્ચે પરસ્પર જે ભેદરેખાઓ છે તે તપાસનો એક નવો વિષય છે. લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિમાં મૂળભૂત શબ્દ તો સંસ્કૃતિ છે. એમાંની લોક અર્થાત્ તળપદા ગુણસંસ્કાર સંપન્ન, સમાજ કે જે પ્રદેશ કે પ્રદેશ અંતર્ગત રહેતી વિશિષ્ટ જાતિઓ, જ્ઞાતિઓ કે જેઓ શિષ્ટ, ભદ્ર સમાજ-વર્ગથી દૂર છે, એનું પોતાનું આગવું પોતીકું રૂપ અસ્તિત્વ ધરાવતું હોય છે, આવા તો અનેક વિવર્તો પ્રાદેશિક સ્તરે પ્રદેશમાં જળવાયેલા છે. આવા વિવર્તો સંસ્કૃતિથી- શિષ્ટથી અલગ છે. એમ માનવાનું નથી, ત્યાં હ્રાસ-લય થયો એની પાછળ બીજાં પરિબળો કારણભૂત હોય છે, લોકમાં



Sundaram®

જળવાયેલ રહ્યા એની પાછળ પણ અન્ય પરિબળો કારણભૂત હોય છે. આમ લોકસંસ્કૃતિ એટલે મૂળ, તળપદ ગુણ સંસ્કારે ઓપતો પરંપરિત સંસ્કાર વારસો. લોકસાહિત્યનું જતન-સંરક્ષણ-પ્રસારણ કરનારું પરિબળ.

લોકસંસ્કૃતિ સાથે લોકધર્મ, લોકકળાઓ અને લોક-નૃત્યો અવિચ્છિન્નપણે સંકળાયેલ છે. આ બધું લોકસાહિત્ય સાથે અવિનાભાવિપણે જોડાયેલ હોય છે. લોકસાહિત્ય એ આખરે તો લોકસંસ્કૃતિનું એક અંગ છે. પણ સંસ્કૃતિનાં અન્ય ઘણાં અંગો લોકસાહિત્ય સાથે સંકળાયેલ હોય છે. લોક-સાહિત્યના ઉદ્ભવ પાછળ આ સાંસ્કૃતિક પરિબળો કારણભૂત જણાયાં છે.

આમ તો રામાયણમાં શૃંગીઋષિનું કથાનક મળેલું છે પણ એ એકલશીંગી તરીકે લોકમાં એવાં તો પ્રચલિત થયાં કે હવે કળિયુગની પૂર્ણાહુતિ આ એકલશીંગી કરશે એવી માન્યતા અને પછી એની રચનાઓ પણ અસ્તિત્વમાં આવી. લોકધર્મમાં આ બધું લૌકિક રૂપ પ્રવેશ પામ્યું છે. માનવસેવી પશુપંખીસેવી, રોગીઓની સુશ્રૂષા આવે છે.

FOR EDUCATIONAL USE

Sundaram

# લોકસાહિત્ય સિદ્ધાંત, સંપાદન અને સમીક્ષા ક્ષેત્રે ગુજરાતનું પ્રદાન

ગુજરાત સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું એ પૂર્વે ગુજરાતમાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ ચૂકી હતી. ઉપરાંત ગુજરાતના સાહિત્ય, શિક્ષણ, લોકકલા વગેરે વિષયે પૂરી દરકાર અને ખેવના લગાવતા આયોજનબદ્ધ રીતે વિવિધ સમિતિઓના માધ્યમથી સંશોધન-લેખન અને પ્રકાશન માટે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો થતાં, ઈ.સ. ૧૯૬૦ માં સુધીમાં લોકસાહિત્ય ક્ષેત્રે સારું એવું કામ જ થયેલું.

મેઘાણીએ તેમના લોકસાહિત્યના સંશોધન, સંપાદન, અને વિવેચન પછી ઉદ્ગાર રૂપે કહેલું કે, 'મારા મનની ઊંડી વ્યથાભરી એક જ વાત કહી નાખું છું. યથાશક્તિમાં મેં મારા એક જ પ્રાંતની લોકવાણીનું આટલું સંશોધન ને દોહન કર્યું. મનોરથ તો ગુજરાતભરના વાણી ચોપડા ઉકેલવાનો હતો પણ એ તો મનની મનમાં જ રહી. હવે હું યુનિવર્સિટી-ના મહાલયમાં વિચરનારા હજારો ગુજરાતી યુવાનોને આ સાદ પાડું છું: કે સારા થોડાંક તો નીકળો, કોઈક તો કમ્મર કસો! આપણાં રાનીપરજ અને કાળીપરજ આપણાં ભીલો ને ઘેરાળાઓ, આપણી સુવિશાળ રત્નાકરપટ્ટીના કાંઠાળવાસી નાવિકો અને નાખુદાઓ. તેમની પાસે હજુય સચવાઈ રહેલી લોકવાણીને વીણી લાવીને યુનિવર્સિટીને

FOR EDUCATIONAL USE

કારે હાજર કરો;

ગુજરાતી લોકસાહિત્યના સૈદ્ધાંતિક અને સંપાદન ક્ષેત્રે પુષ્કર ચંદરવાકર, જયમલ્લ પરમાર, હરિવલ્લભ ભાયાણી, કનુભાઈ જાની, શાંતિભાઈ આચાર્ય પછી ભારે મહત્વનું પ્રદાન કરનારા છે. ડૉ. હસુ યાજ્ઞિક 'ગુજરાતનું લોકસાહિત્ય' (૧૯૯૫), 'ગુજરાતની લોકવિદ્યા' (2000), 'લોકવિદ્યાવિજ્ઞાન' (2002), 'લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર' (2009), 'ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા' (2009), 'લોકમહાકાવ્ય અને બીજા લેખો' (2006) જેવાં પ્રકાશનો દ્વારા પ્રથમ વખત જ મેઘાણીએ આરંભાયેલી સિદ્ધાંતલક્ષી ચર્ચા જયમલભાઈ, પુષ્કરભાઈ, કનુભાઈની અને હરિવલ્લભ ભાયાણી પછી હસુભાઈ પાસેથી લોકશાસ્ત્ર, લોકવાઙ્મય; લોકવિદ્યા અને પછી લોકવિદ્યાવિજ્ઞાન સુધી વિસ્તરે છે. ફોકલોર અને ફોકલોરિસ્ટિક સુધીની વિશે વિદેશમાં વિસ્તરેલી વિચારધારા અને વિભાવનાનો સમગ્રલક્ષી આલેખ એમની પાસેથી ગુજરાતને પ્રાપ્ત થાય છે. હસુભાઈની મહત્તા એ છે કે એમણે લોકસાહિત્ય, વનવાસી સાહિત્ય, લોકસંસ્કૃતિલક્ષી પ્રવિવચના સૈદ્ધાંતિક સાહિત્યનું અધ્યયન, ગુજરાતી લોકસાહિત્ય સંપાદનોનો ઊંડો અભ્યાસ, પુનઃસંસ્કરણકાર્ય તથા એ રચનાઓનું પરંપરાલક્ષી અધ્યયન કર્યું હોવાને કારણે એમની સિદ્ધાંતલક્ષી વિચારણા મુદ્દાસર, સૂત્રાત્મક અને તલસ્પર્શી હોય છે. વળી, સિટી લોર, [illegible] લોર અને લોકસંગીત જેવા નૂતન વિષયે પણ પાયાની ચર્ચા તેમણે કરી છે. આમ, ગુજરાતી લોકસાહિત્યમાં અનેક નૂતન પ્રવાહોને ભેળવીને આપણી વિચારણાને સમૃદ્ધ કરનારા સંશોધક તરીકે તેમનું મહત્વનું સ્થાન કાયમ રહેવાનું.

ગુજરાતમાં લોકસંસ્કૃતિનો પરિચય કરાવનાર અને લોકવાર્તાના લોકગીતોના સંપાદનો દ્વારા આ ક્ષેત્રે ક્રિયાશીલ પ્રમુખ નામોમાં જયમલ પરમાર, જોરાવરસિંહ જાદવ,

ખોડીદાસ પરમાર, દુલેરાય કારાણી ઉલ્લેખનીય છે. જયમલ્લ પરમારનું કામ તો આગળ અવલોકી ગયા, પરંતુ જોરાવરસિંહ જાદવનું કામ લોકસાંસ્કૃતિના મીમાંસક તરીકે અને લોકકથાઓના વિવિધ પ્રકારના સંપાદનોને કારણે મહત્ત્વનું છે.

'અલકકથાઓ', 'અનાગઢપાઓ', 'પ્રેમકથાઓ' અને 'ગુજરાતી લોકકથાઓ' (૧૯૭૫) જેવા લોકકથાના દશેક સંપાદનો ઉપરાંત 'આપણાં કસબીઓ' ભાગ - ૧-૨ (૧૯૭૨), 'લોકજીવનના મોતી' (૧૯૭૪), 'પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો' (૧૯૮૭), 'પ્રાચીન ભારતીય લોકવિદ્યા અને કલા' (૨૦૦૫), 'લોકકલાના વૈતાલિકો' (૨૦૦૩), 'ગુજરાતનો લોકકલા વૈભવ', 'લોકજીવન: લોકકલા અને કસબ' મનોરંજન કરાવનારી લોકજાતિઓ જેવા જોરાવરસિંહ જાદવના પંદરેક પ્રકાશનો દ્વારા લોકસંસ્કૃતિને લોકચિત્રાંકન-રેખાંકનોને આધારે સમજાવવાના એમના કૌશલ્યના દર્શન થાય છે. આવું જ મહત્ત્વનું પ્રદાન લોકચિત્રકલા અને લોકસંસ્કૃતિ તથા લોકગીત-વાર્તાકથનશાસ્ત્રના જાણકાર અને મરમી ખોડીદાસ પરમારનું છે. તેમનાં સૌરાષ્ટ્રનું લોકભરત (૧૯૫૯) 'ઢોળ ઝંગળ' (૧૯૭૪) અને 'ગુજરાતના લોકગીતો' (૧૯૮૨), લોકસંસ્કૃતિમાં પંખીઓ (૧૯૮૪) ખૂબ જાણીતા અને ચર્ચાયેલ પુસ્તકો છે. કચ્છની લોકકથાઓને, કચ્છી ધરાતલને અને કચ્છની લોકસંસ્કૃતિને આલેખનારા 'કચ્છી રસધાર' ના સંપાદક દુલેરાય કારાણી અને 'કચ્છ દર્શન' ના લેખક-મીમાંસક શંભુદાન ગઢવી તથા 'કચ્છની સંસ્કૃતિ' ના આલેખક રામસિંહ રાઠોડ પણ ૧૯૫૦ પછીના ગાળાના ભારે મહત્ત્વના તળપદી કચ્છી સંસ્કૃતિના અભ્યાસી છે. વનવાસી સાહિત્યનું એકત્રી-કરણ કર્યું અને પ્રકાશક કાર્ય પણ કર્યું. ગુર્જરી લોકકલા વૈભવ, ભાગ-૧ થી ૫ ઉપરાંત એમણે ગ્રોલિયર એન્સાયક્લોપીડિયા રૂપે 'વીરડો' માં પ્રકાશિત કરેલી સામગ્રી અધ્યયની રાહ જોતી સંગ્રહિત છે.

Sundaram
FOR EDUCATIONAL USE

વનવાસી પ્રજાના લોકસાહિત્યના એકત્રીકરણ અને સંપાદનમાં વ્યસ્ત તડવી દંપતિ રેવાબહેન તડવી અને શંકરભાઈ તડવીનું પ્રદાન બહુ જ મહત્વનું છે. એમની મેવાસી લોક-સંસ્કૃતિ (૧૯૭૪) આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય (૧૯૮૩) આદિવાસી લોકનૃત્યો (૧૯૭૮) સુધી તડવી લગ્નગીતો અને વિધિઓ (૧૯૮૪) જેવા ૨૫ જેટલાં પ્રકાશનો-માંથી મધ્ય ગુજરાતની ભીલ પ્રજાની મેવાસી સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય મળી રહે છે. વીરચંદ પંચાલ પણ એવું જ મહત્વનું નામ છે. એમનાં ખેડબ્રહ્મા વિસ્તારમાં ગોઠિયા ગોઠણના ગીતો, સોબલા, ગરાસિયા, હોળીગીતો વગેરે સંપાદનો મહત્વના ઉપરાંત પણ સંપાદનોને સંપાદકો મુરા પટેલ, ડાહ્યાભાઈ વાઢુનું 'કુંકણી રામકથા' અને પછીના તરુણ અભ્યાસીઓ નયકુભાના કુંવારી ગરાસિયા હોળીગીત પછીના દિવાળીગીત અને લગ્નગીત એમ ત્રણ સંપાદનોનો ઉલ્લેખ છે. પુંડલિક પવારના 'ડાંગી લોકકથાઓ', 'ડાંગી લોક-ગીતો', 'ડાંગી કહેવતો', ફાધર રેમંડ એ ચોહાણની '-ગામીત દંતકથાઓ' તથા પ્રભુ ચૌધરીનું 'કોંકણી લોકકથાઓ' અને બીજા તરુણ સંશોધક ડી.બી. ચિતળેનું 'ડાંગ એક--સમ્યક્ દર્શન', (૧૯૭૦) પણ મહત્વનું પ્રકાશન છે. આ ક્ષેત્રે તાજેતરમાં ક્રિયાશીલ બનેલાં વિક્રમ ચૌધરીનું પણ ધ્યાનાર્હ બની રહેશે.

નરોત્તમ પલાણે થોડું પણ નક્કર કામ લોકસાહિત્ય ક્ષેત્રે કર્યું. લોકસાહિત્યમાં કાલગણનાનો મુદ્દો અને 'ગુજરાતી લોકગીતો' તથા 'ચૂંટેલા ભજનો', સંપાદન પણ મહત્વનાં છે. મકરંદ દવે, નિરંજન રાજ્યગુરુ, રાજુલ દવે, નાથાલાલ ગોહિલ, રાજેન્દ્રસિંહ રાયજાદા, ડૉ. બળવંત જાની, ડૉ. મનોજ રાવલ અને દલપત પઢિયાર કંઠસ્થ પરંપરાના સંતસાહિત્યના, દલિત સંત સંસ્કૃતિના વિધિવિધાનના તથા ગુપ્તધર્મની પરંપરાથી અભિજ્ઞ હોવાને કારણે તેમની પાસેથી પ્રાપ્ત થતું

FOR EDUCATIONAL USE
Sundaram

સંતસાહિત્ય વિષયક સૈદ્ધાંતિક વિવેચના, ભજન સંપાદન અને મૂલ્યાંકન ગુજરાતી સંતસાહિત્ય સ્વાધ્યાય પરંપરામાં મહત્વનું ઉમેરણ બની રહેશે. ખાસ કરીને 'ભજન મીમાંસા' (૧૯૮૪), 'ગુજરાતના હરિજન સંતો' (૧૯૯૫), 'સંતવાણી : તત્વ અને તંત્ર' (૧૯૯૦), 'રહસ્યવાદ' (૧૯૯૨) અને 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ' જેવા ગ્રંથો ભારે મહત્વના ગણાશે.

અપેક્ષા સંસદમાં - શબ્દોમાં અને એવી અપેક્ષા. સમયમાં પણ પાંચ દાયકાના પ્રદાનને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી ટાણે પોંખવાનું બન્યું એની પ્રસન્નતા સાથે લોકસાહિત્યના મરમી અને આસમીઓને સો - સો સલામું .......

* * *

FOR EDUCATIONAL USE

# શ્રમહારી લોકગીતો :
# નારીહૃદય નું કરુણ રૂપ

ધાન ખાંડતી વેળાના કે રિપ્પણી સમયનાં ગીતોને શ્રમહારી લોકગીતો કહેવાય છે. ખેતરમાં લળણી સમયે કે સાગરખેડુઓ હોડીને ખેંચતી વખતે જે 'હેલ્લારી' ગાતા હોય, ધાન ખાંડતા ખાંડતા દેરાણી-જેઠાણીના સંવાદરૂપે અને પોતાના પ્રિયતમ સાથેના પ્રશ્નોત્તરના સ્વરૂપમાં નારીની નાજુકતાને અભિવ્યક્તિ અર્પતું ગીત સૌરાષ્ટ્રનું ધાન ખાંડતી વેળાનું શ્રમહારી લોકગીત કહેવાય છે. તેનો આપણે આસ્વાદ માણીએ....

દેરાણી-જેઠાણી ખાંડે ધાન, મેં સાંભળ્યું'તું કાનોકાન ..... (ટેક)
મેં ચુંટી ચંપાની કળી, તો દસ મહિના પેચૂટી ટળી,
મારા પિયુજીને પૂછું એમ, કે ઝાડ વાઢે ઈ જુવે કેમ ?
દેરાણી-જેઠાણી (૧)

મારા માથે ફૂલનો દડો, મેં ભર્યું પાણીનો ઘડો,
મારા પિયુજીને પૂછું એમ, કે પાણી ભરે ઈ જુવે કેમ ?
દેરાણી-જેઠાણી ....(૨)

મેં પહેર્યાં'તાં હીરનાં હીર, ને તોય છોલાણાં મારા ડીલ,
મારા પિયુજીને પૂછું એમ, કે જાડાં પહેરે ઈ જુવે કેમ ?
દેરાણી-જેઠાણી (૩)

Sundaram
FOR EDUCATIONAL USE

મેં તો ખડી સાકરનો શીરો કર્યો, તોયે ન મારે ગળે ઉતર્યો,
મારા પિયુજીને પૂછુ એમ, કે ખીચડી ખાય ઈ જીવે કેમ ?
દેરાણી - જેઠાણી ..(૪)

મારી પાડોશણ દાળ છડે, ને મારા હાથમાં ફોલ્લા પડે,
મારા પિયુજીને પૂછું એમ, કે દરણાં દળે ઈ જીવે કેમ ?
દેરાણી - જેઠાણી ...(૫)

વિધિની વક્રતા તો જુઓ ચંપાની કળી ચૂંટતાં, માથે ફૂલનો દડો રાખતાં, હિરનાં ચીર ધારણ કરતાં કે ખડી સાકરનો શીરો ગળે ઉતારતાં જેને શ્રમિતપણાનો અનુભવ થાય છે એવી નારી આ બધી વાતડિયુંને તો ધાન ખાંડતા ખાંડતા કથી રહી છે. ધાન એટલે ખીચડી પણ નહીં પરંતુ ઘણાં બધાં કઠોળનું મિશ્ર રૂપ ખીચડો. નાજુક હૃદયની નારીને કેવી સહનશીલ થઈને કેવા શ્રમમાં વ્યસ્ત રહેવાનું છે એનું ઘેરું કરુણ ચિત્ર ગોપિત છે.

દક્ષિણ ગુજરાતના લોકસાહિત્યમાં ખૂબ જ પ્રચલિત એવો પ્રકાર છે ખાયણાં. પણ એનું સ્વરૂપ લોકગીત જેવું લાંબું નથી. દુહા, સોરઠા, સાખીની માફક બે ત્રણ પંક્તિમાં જીવનના મર્મની - રહસ્યની અભિવ્યક્તિ એમાં પ્રાપ્ત થતી હોય છે. ડાંગર ખાંડતાં - ખાંડતાં એ સામસામાં બોલતાં હોય ત્યારે એમાંથી સાંભળનાર પોતાને લગતો ઉપદેશ ગ્રહણ કરી લ્યે છે અને સાંભળવાનું સાંભળીને પોતાને ઉદ્દેશીને કહેવાયું હોય તો ખરી વાત કાને પહોંચ્યાનો પરિતોષ માનીને પરોક્ષ રીતે પોતાને કહેવું હતુ એ કહી દીધાનો પરિતોષ ખાયણાં રજૂ કરીને માને.

પિયરગૃહે આનંદ, ઉલ્લાસ, સ્વતંત્રતાને મહાલતી સ્ત્રીને જ્યારે શ્વસુરગૃહે જવાનું હોય ત્યારે એને સમભય છે કે બસ આ ઊછળકૂદની નિરાંતની અવસ્થાની હવે પૂર્ણાહુતિ. એટલે આ બાબત તથા શ્વસુરગૃહે પ્રાપ્ત થવાનું પતિસુખ - આ બન્ને

Sundaram
FOR EDUCATIONAL USE

અપરિસ્થિતિ વચ્ચે કોલા ખાતી- અવઢવમાં અટવાતી મુગ્ધા વયલબ્ધા યુવતી ખાયણાં દ્વારા પોતાના એ મનોભાવને ભારે ભાવુક રીતે રજૂ કરે છે.

ખાંડ તો રાંધું કેવાડિયો કંસાર
દુનિયાનો સંસાર
મારે વઢવો.

શ્વસુરગૃહે ગયા પછી ત્યાંના સુખ-દુ:ખની વચ્ચે સતત કોઈની રાહ હોય તો ભાઈની- વીરની. એ અવશ્ય આવશે. એના ભણકારા નિશદિન અનુભવતી યુવતીની હૃદયભાવનાં ખાયણાં દ્વારા વાચા પામે છે:

પાણી ભરું ને આંઢણી મારી ફરકે
પાદરે ટોપી ઝળકે
કે મારા વીરાની.

માત્ર દીકરી જ નહીં માતા પણ એટલું રડી કે સરોવર પણ છલકાઈ ગયું. ખાયણાંમાં આવા કરુણ ભાવની સાથોસાથ ભારોભાર ઉપદેશ પણ ભંડારાયેલો હોય છે. ખાંડતાં- ખાંડતાં ખાયણાં દ્વારા બાળક- બાળકીને - સંતાનોને માતા કે પ્રૌઢ સ્ત્રીઓ ભણો કે શિખામણનાં અમૃતપાન પણ કરાવે છે.

પારકી વસ્તુ પત્થર સમ પરમાણો
આપણી હીરા સમ ભણો
ભલે હોય કોડની.

માત્ર બાળકોને જ નહીં સમગ્ર સમાજને સંબોધતી સન્નારી ભારે મર્માળી વાત અહીં કહી ગય છે. બધા દુઃખનું મૂળ અસંતોષ છે. એને ત્યજવાની, સુખી થઈને જીવવા માટે ઉપદેશતી દક્ષિણ ગુજરાતની આદિવાસી સ્ત્રી ભલે અભણ હોય પણ એમાં ભારોભાર કોઠાસૂઝ અને જીવનનો અર્થ પડેલો છે. બીજા એક ખાયણામાં પણ આવો જ અર્થપૂર્ણ મુદ્દો રજૂ કરે છે.

પણ બોલાવ્યા પર ઘર તો નવ જઈએ
ઉછાંછળા નવ થઈએ
કે રહીએ ભારમાં.

જીવનનાં સુખ-દુઃખ કે જીવનબોધ જ માત્ર ખાયણાંમાં અભિવ્યક્ત નથી પામ્યો; નણંદ-ભોજાઈ એટલે કે ભાભી-નણંદની વડછડ પણ એમાં સ્થાન પામી છે. ભાઈ પરણ્યો પછી પત્નીમાં અનુરક્ત રહે છે. અને બહેન સમક્ષ બહુ ખૂલે નહીં, ખીલે નહીં, સતત પત્ની પાછળ જ ઘેલો થઈને નવા સંબંધોથી ખુશ રહે- એ બેઈને ઉચિત તો ભાભી જ ગણાય છે એટલે બહેન ગાય છે કે _

ભાઈ છે ભોળો ને ભાભી છે ધુતારી
હૈયેથી ઉતારી
વીરાએ બેનડી.

બીજા એક ખાયણામાં બહેન આગળ વધીને કહે છે કે _

ભોજાઈ મારી બધા કરમની પૂરી
વીરને લીધો વારી
રૂપાળી વાંદરી.

સૌરાષ્ટ્રનું શ્રમહારી લોકગીત કે દક્ષિણ ગુજરાતનું લઘુ ગીતસ્વરૂપ ખાયણાં આપશે તો નારીહૃદયને ખોલે છે. એમાં ભંડારાયેલ ભાવસંદર્ભ આ નિમિત્તે ખૂલે છે. લોકગીતોના આસ્વાદ અને અર્થઘટનમાં સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભને જોડીએ તો એની ખરી મહત્તા અને નકરી સૌંદર્યાનુભવ દૃષ્ટિ આપણાને જડે. લોકસંસ્કૃતિના ખરાં-નરવાં ઉદાહરણો હોય છે આવા સાહિત્યમાં. એમાંથી ટપકે છે, દ્રવે છે નારીહૃદયની ખરી વ્યક્તિમત્તા. ભાભી માટે રૂપાળી અને ચાહું વાંદરી ઉપમા અને વિશેષણમાં પણ નણંદની વિવેકદૃષ્ટિ નિહિત છે. શ્રમહારી સાહિત્યનો સામાજિક સંદર્ભ આપણી બહુમૂલ્ય દસ્તાવેજ સંપદા છે.

FOR EDUCATIONAL USE

Sundaram

# લોકગીતો નારી મનોભાવોની રૂપકાત્મક અભિવ્યક્તિ

નારીના વર્ણનમાં અંબોડાનું - ચોટલાનું વર્ણન કરવાનું હોય ત્યાં અંબોડો (ચોટલો) નરજાતિ હોઈને એને માટે લોકગીતમાં પ્રયોજાયેલી પંક્તિ જુઓ:

'તારા માથાનો અંબોડો રે
મણે છૂટ્યો તેજ ઘોડો રે...'

અંબોડાની ગતિશીલતા, તરલતાથી સાથે તેજલા તોખારને તુલનાવવાની-મૂકવાની કલ્પનામાં જ નાવીન્ય છે.

બીજા એક લોકગીતમાં પણ ઘોડીનું રૂપક નારીવર્ણન માટે પ્રયોજાયેલું દૃષ્ટિગોચર થાય છે તે જોઈએ.

'ઘોડી અગન પગ માંડતી,
ઘોડી અજવાળે ચાલે ને મજલે ડગ ભરે
ઘોડી જઈ ઊભી જૂનાગઢને ચોક
વિવાહ આપ્યા રૂડા...'

બીજા એક લોકગીતમાં ચંપાવર્ણી કાયાવાળી હંસાવર્ણી અર્થાત્ શ્વેત-શુભ્ર વર્ણવાળી લટકાવાળી મૃગનયની નારી અંતે નારી કે યુવતી એવું નામાભિધાન ન મૂકીને ઘોડી એવાં પ્રયોજ્યું છે. એને ઘોડાસરમાં નહીં પણ ઓરડામાં બાંધવાની વિગતથી તથા ઘાસને બદલે નાગરવેલનું પાન નીરવાના નિર્દેશથી તથા એની સાથે કોઈ પુરુષ બીડાશી એના આલિંગનથી નારીનું નિરૂપણ ભારે કૌશલ્યપૂર્વક, નરી વ્યંજનાથી થયું છે.

Sundaram® FOR EDUCATIONAL USE

એક લોકગીતનું ઉદાહરણ જુઓ –

'ચાંપા તે વરણી ને મરઘા તે નેણી
ચાબૂકડે ઝગ હોય એ લટકાળી,
તેજણો હંસા તે વરણી....
કિયો ભાઈ ઘોડીને ઓરડે બાંધે
કિયો ભાઈ નીરે નાગરવેલ્ય, એ લટકાળી
તેજણ હંસાવરણી....'

ઘોડીને આવા ઊર્મિભાવથી – માર્દવતાથી વર્ણનાર કવિનું નારીહૃદય અહીંથી પ્રગટે છે. પશુસૃષ્ટિમાંના ઘોડીના સંદર્ભ દ્વારા નારીનું તેજલું, તરવરાટવાળું, અથાક, ચપળ અને નિત્ય યુવા વ્યક્તિત્વ લોકગીતોમાંથી પ્રગટે છે તે અત્યંત આસ્વાદ્ય બની રહે છે.

ઘોડી ઉપરાંત સિંહણને પણ નારીના વર્ણન માટે ખપમાં લીધાનાં ઉદાહરણો મળે છે. નારીની કેડયના લાંકને સિંહણની સાથે વર્ણવતાં ઉદાહરણોમાં રાખેંગારે રાણકને મેઈને જે વર્ણન કર્યું તે અત્યંત મણીનું છે. આવી પાતળી કેડયને લચકાવતી સિંહણ જેવી નારી માત્ર વર્ણન દ્વારા સિંહણ સાથે સમાનતા નથી ધરાવતી. એની હિંસકતાની પણ એ દ્યોતક છે.

એક બાજુ તેજલી ઘોડી અને હિંસક રોઝડા સાથે નારીની દેહયષ્ટિને વર્ણવી છે જે માત્ર દેહયષ્ટિની નહીં પરંતુ પ્રકૃતિની પણ દ્યોતક જણાઈ છે. પ્રકૃતિને નિર્દેશવા માટે હરણીનું રૂપક પ્રયોજાયેલું હોય એવાં ઉદાહરણો અનેક લોકગીતમાં મળે છે.

'લાણા જેવડો લાણ ઊગ્યો ડુંગર ઓરડે
આણી પેર ઊગેલા લાણ, ઓણી પેરે હરણ્યું હળવે છે
હરણાં છોડીને મેલ, બળદ મેલ્યે રે કલોલિયા....'

બીજા એક લોકગીતની પંક્તિમાં આવે છે કે –

'હરણાંને છોડી મેલ મારા વીરા.'

અહીં ખેતમજૂરીનું કામ બળદ પાસે કરાવવાનું હોય હરણાની પાસે ન કરાવવાનું હોય એવું સૂચન છે, એમાં સંકેત છે નારીનો. બીજી પંક્તિમાં હરણાને છોડી મેલવાનું વીરાને વિનવતી નારી, નારીની જ

Sundaram®
FOR EDUCATIONAL USE

વકીલાત કરે છે. હરણાના ઉલ્લેખથી, આવા મુગ્ધ, સુંદર, રૂપકડા હરણાની સાથે સરખાવેલ છે.

ગુજરાતના લોકગીતમાં મોર-ઢેલ, સુડલો-કોયલ, પોપટ-પોપટી જેવાં રૂપકાત્મક-પ્રતીકાત્મક નિરૂપણો પુરુષ-સ્ત્રીના સંદર્ભે થયેલા પણ ખૂબ જોવા મળે છે. એ દ્વારા નારીની નૃત્યપરાયણતા, સુંદરતા, મધુર અવાજ ઇત્યાદિને અભિવ્યક્તિ સાંપડી છે. સાથે સાથે નારીની કોમળતાને-મુગ્ધતાને પણ વાચા મળે છે.

'બોલે ઝીણા મોર લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં લીલી વનરાઈમાં.'

અહીં ઢેલને ગોપિત રાખીને મોરના ટહુકારથી એને મળવા એના અસ્તિત્વની ઓળખ થતાં પ્રગટેલા આનંદોદ્ગાર રૂપી આ પંક્તિઓ છે.

'વરરાજ તો દેરા માહ્યલો, દેવ, ને પોતે દેરાસર પૂતળી
વરરાજ તો અષાઢીલો મેઘ, ને પોતે ઝબૂકણ વીજળી
વરરાજ રે ચંપાનો છોડવો, ને પોતે ચંપાફુલની પાંખડી,
વરરાજ તો વાડી માયલો મોરલો, ને પોતે ખેલામણ ઢેલડી.'

અહીં નારી માટે ખેલામણ વિશેષણ કેવું સહજ સરળ લાવે લોઠવાયું છે. ઢેલડી- નારી- અને નર- મોરના દંપતી પ્રતીક અહીં હૃદયસ્પર્શી પણ એટલા જ છે. નારી માટે કેવા કોમળ- સુંદર વિશેષણ વર્ણનમાં ગોઠવ્યા છે, પૂતળી, વીજળી, ફૂલપાંખડી અને છેલ્લે ઢેલડીમાં તો [illegible] છે.

બીજા એક દોહરામાં-

'કાઠીયાણી કેડ્ય પાતળી, હલકતી આવે હેલ્ય,
જરકા કેરી જમરમાં, જાણે ઢળકતી ચાલે ઢેલ્ય.'

અહીં સુંદર સ્ત્રી માટે લચકાતી-મચકાતી ચાલે ચાલતી ઢેલનું મનોહર ચિત્ર ઉપસે છે. મોર-ઢેલની માફક પોપટ-પોપટી પણ યુગલભાવના વ્યંજક તરીકે અનેક લોકગીતમાં દૃષ્ટિગોચર થાય છે. તેમાંથી નારીની પોપટી જેવી નાજુકતા, ગળાની મીઠાશ અને ગભરુ પ્રકૃતિ પ્રગટે છે.

Sundaram
FOR EDUCATIONAL USE

'એક આવ્યો' તો પરદેશી ચોપડોમાં પુરુષ માટે પોપટનું નામ મૂકીને કન્યા માટે પોપટી અધ્યાહાર રાખીને ગોપનનો મહિમા કર્યો છે.

'લીલી વાડીમાં લીલો આંબલો રે
ત્યાં રે કોયલડીનો વાસ'
કોયલ બોલે ને ટહુકા કરે રે...'

અહીં કોયલરૂપી નારીનો ક્યાં વસવાટ છે એમ સૂચવીને ત્યાં એ કેવી સલામતીનો અનુભવ કરે છે એમ નિર્દેશલ છે.

'કોયલડી નવ મારીએ રે
કોયલડી તો આંબલડાની રખેવાળ મારા વાલા.'

નારીને પીડતા નરને ઉદ્દેશીને જ ભલે કોઈ નારીના મુખેથી લોકગીતની ઉપર્યુક્ત પંક્તિ સર્જાઈ ગઈ હશે.

'સુડલો તે કોયલને વિનવે
આવી રૂડી આંબલિયાની ડાળ
એ મેલીને કોયલરાણી ક્યાં ચાલ્યા રે...'

અધૂરપને પૂર્ણ કરવા ક્યાંક ગયેલી નારીને સુડલો વીનવે છે. પુરુષ માટે અહીં સૂડલો સંજ્ઞા પણ સૂચક રીતે પ્રયોજાય છે. પોપટ અને સૂડા વચ્ચે જે મહત્ત્વનો તફાવત છે તેને સંદર્ભે અહીં ઉચિત રીતે તરુણી- કુમારિકાઓ તરફ આસક્ત અને એમાં રગમાડા પુરુષ માટે કાચી આમ્રમંજરીઓને ચાખતો અને ફેંકી દેતો સુડો સંજ્ઞા-નિર્દેશ અર્થપૂર્ણ લાગે છે.

જેમ એક લોકગીતમાં કોયલને અનુષંગે નારીના રૂપગુણનો જે રીતે મહિમા ગાયો છે તે પણ એટલો જ આસ્વાદ્ય છે.

'કાળી તે કોયલ શબ્દે સોહામણી
આવ્ય રે કોયલ અમારા દેશમાં....
કેમ કરી તે કોયલ એ વન વાસ્યાં ?
કેમ કરી સુડો રાણો રિઝવિયો ?....
આંબા આંબલિયે એ વન વાસ્યાં ને
ટહુકે સુડો રાણો રિઝવિયો ! ....
કેમ કરી બેની બા એ ઘર વાસ્યાં

FOR EDUCATIONAL USE

Sundaram®

કેમ કરી નાગોલિયો રિઝાવિયો?....
દીકરા દીકરીએ એ ઘર વાસ્યાં
નેહા લેવે નાગોલિયો રિઝવિયો!....

કોયલ શી નમણી- કાજલ- નારીએ એના અવાજથી મોહિત કરીને ઘર ગૃહસ્થ જીવન આરંભ્યું વસવાટ થયો. પછી દામ્પત્યજીવનમાં સફળતાનો કશો સંકેત નથી એમ લાગે પણ હકીકતે ત્યાં લક્ષ્મી કે સ્ત્રીના મહિમા તરફ નહીં પણ સંતાનપ્રાપ્તિ અને એથી વસેલા- સમૃદ્ધ થયેલા- પરિવારની- ઘરની કથા નારી સાથેના પ્રશ્નોત્તરમાંથી પ્રગટે છે. અહીં પણ પુરુષ માટે બહુ જ સૂચક રીતે નર કોયલને બદલે સુગનો નિર્દેશ છે.

'મારુ નાઈ ગંગાજળે, ઊભી વેણ સુકાય
ચંદન કેરે સુખડે, નાગ ઝપાટા ખાય.'

ગંગાજળથી સ્નાન કરીને લીલી થયેલી કેશરાશિને સુકવી રહેલ મારુ ચંદનવૃક્ષને વીંટળાઈને સેલારા લેતા નાગ જેવી લાગે છે. મારુને ચિત્તવર્ણા સુગંધી ચંદનવૃક્ષ સાથે સરખાવી પણ એને વીંટળાઈ વળેલ કાળા નાગ દ્વારા જેમ એનું રૂપ વિશેષ દર્શનીય બની રહ્યું

'કુંવરીકાળી નાગણી સંકેલી નજમાં સમાય
એનું કરડ્યું કાનો ચાતરે, કુંવરી ચાલાક કેવાય.'

કાળી નાગણી જેમ ઘડીભરમાં સંકોડાઈ જાય, એવી ચાલાક કુટુંબની કુંવરી કસે તો પછી એક કાળું ય લરી ન શકાય. નમણી, રૂપવતી, કાજળ, ચબકતી, તીખી- કુમળી કુમાશવાળી નારી માટે અહીં નાગણ- સર્પણ વિશેષણ પણ અર્થપૂર્ણ છે. એ માત્ર રૂપનું જ વ્યંજક નથી. એમાં રહેલું ઝેર, એમાં રહેલું મોહિત કરવાનું દૃષ્ટિક્ષેપ રૂપી ડંખ દ્વારા મૂર્છિત કરી દેવાની તાકાતનું પણ નિદર્શન છે.

નારીના ચલકુ, લોભા અને લીરુ વ્યક્તિત્વના નિર્દેશ માટે નારીને પંખીની સાથે સરખાવીને એને એક જ જગ્યાએ સ્થિર નથી રહેવાનું એવું સૂચન પણ એ દ્વારા વ્યક્ત થયું છે. એમાંથી એના

FOR EDUCATIONAL USE

Sundaram®

હૃદયભાવોને જબરદસ્ત અભિવ્યક્તિ સાંપડી છે. માટે એ ગીતમાં જરા અર્થમાં મળી કે નારીહૃદયનો પક્ષપાત નિરૂપાયો છે. ફરિયાદ પિતાને માતાને કે ભાઈને નહીં પણ દાદાને છે. બાળકોના વિશેષ વહાલપનું ભાજન દાદા છે અને દાદાનો પક્ષપાત પૌત્રો તરફ વિશેષ હોય છે.

'દાદાને આંગણ આંબલો, આંબલો ઘીર ગંભીર જો
એક તે પાન ચૂંટિયું, દાદા ગાળ ન દેશો,
અમે રે લીલા વનની ચરકલડી ઊડી જાશું પરદેશ
આજ રે દાદાજીના દેશમાં, કાલે જાશું પરદેશ!

નારી માટેનાં વર્ણનો માટે પ્રયોજાયેલાં સંજ્ઞા-વિશેષણોમાં પશુસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિના જે કંઈ ઉલ્લેખો સ્થાન પામ્યા છે એ તમામ માત્ર નારીની દેહયષ્ટિને-રૂપસૃષ્ટિને આલેખતા નથી પરંતુ એ ઉપરાંત નારીના ચિત્તને આંતર-વ્યક્તિત્વને ઉજાગર કરે છે. એમાંથી નારીસ્વભાવ અને મનોભાવ હૃદયસ્પર્શી અભિવ્યક્તિ પામતા હોય છે.

લોકસંસ્કૃતિના - લોકજીવનમાં ખરાં પરિચાયક લોકગીતો નારીવર્ણન નિમિત્તે માત્ર વર્ણનકલાના સિદ્ધવસ્તુ નહીં પણ એમાંના નારીભાવોનાં સ્પંદનોથી- શીકરોથી ભાવચિત્તને આર્દ્ર બનાવે છે.

Sundaram FOR EDUCATIONAL USE

# સમાપન

આમ લોકસાહિત્ય ધરતીનું ધાવણ છે આપણું તળપદું સંસ્કાર ધન છે જેના કોઈ એક કર્તા નથી અથવા લુપ્ત છે. કોઈપણ પ્રાદેશિક ભાષા જન્મે છે. ત્યારે તેને વારસામાં મળેલું સાહિત્ય હોય છે. જેને પરંપરાગત અથવા કંઠોપકંઠ ઉતરી આવેલું સાહિત્ય કહે છે જે આપણા અંતરમર્મ સુધી પહોંચે છે. ને અંતરના તાર ઝણઝણાવે છે.

આપણા ગુજરાતી લોકસાહિત્યનો અમૂલ્ય વારસો સંગ્રહિત કરી સંશોધન ને સંપાદન કરવાનું શ્રેયન લોક-સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીને ફાળે જાય છે જેમણે એને 'ધરતીનું ધાવણ' કહ્યું છે.

* * *

FOR EDUCATIONAL USE

Sundaram